અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં
અભ્યાસક્રમવાર નક્કી થયેલ પ્રવેશ ધોરણો
અને પ્રવેશના નિયમો

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૨૦/૧૫૨૧૮૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨/૦૬/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૯૭/મ-૮૮/ગ તા: ૧૨/૦૬/૧૯૯૭
(૨) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૯૭/મ.૮૮/ગ તા: ૨૯/૦૮/૧૯૯૭
(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : સપછ-૧૫૨૦૦૪-૧૪૦૨-ગ તા.૩૧/૦૫/૨૦૦૪
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનશ-૧૫૨૦૦૪-૮૫૬-ગ તા.૨૫/૦૬/૨૦૦૪
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સપછ-૧૫૨૦૦૪-૧૭૪૫-ગ તા.૧૨/૦૮/૨૦૦૪
(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સકછ-૧૦૧૩-૬૩૦૦૬૩-ગ તા.૧૦/૧૦/૨૦૧૩
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક સમછ-૧૦૧૮-૨૭૪૫૭૦/૧૧૫૨/ગ તા.03/03/૨૦૨૦
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૨૦-૪૧૪-અ.૧ તા.03/0૯/૨૦૨૦
(૯) નિયામકશ્રી(અજાક)નો પત્ર ક્રમાંક:અજાક/ગ-૧/૪/૨૦૧૯-૨૦/૧૯33 તા.0૭/03/૨૦૨૦

આમુખ:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે રહેવા જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે

R

છે. વિભાગના વિકસતી જાતિ હેઠળના સરકારી છાત્રાલયોમાં પ્રવેશની પધ્ધતિ ઓનલાઇન કરવાની હોઇ વંચાણે લીધેલ ક્રમાંક (૮)ના તા.03/0૯/૨૦૨૦ના ઠરાવથી વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં પ્રવેશ માટેના અગાઉના નિયમો અંગેના ઠરાવોનું સંકલન તથા જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક: (૯)ના તા.0૭/03/૨૦૨૦ ના પત્રથી નિયામકશ્રી(અજાક)એ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં પ્રવેશની પ્રક્રિયા ઓનલાઇન કરવાની હોવાથી પ્રવેશ પદ્ધતિ માટે અગાઉના ઠરાવોનું સંકલન તથા જરૂરી સુધારા-વધારા કરવાની દરખાસ્ત કરેલ હતી. આમ સદરહુ દરખાસ્ત અન્વયે તથા વિકસતી જાતિના સરકારી છાત્રાલયોનાં પ્રવેશ અંગેના નિયમો સાથે એકરૂપતા જળવાઈ રહે તે માટે અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં પ્રવેશના નિયમો અંગેના ઠરાવોનું સંકલન તથા જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં છાત્રોને પ્રવેશ આપવા અંગેના ધારા-ધોરણોના સ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી ઓન-લાઈન પ્રવેશ માટે નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

૧. પ્રવેશની ટકાવારી:

| ગ્રુપ | અભ્યાસક્રમ | ટકાવારી |
|---|---|---|
| એ | મેડિકલ/ઈજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમો<br>એમ.બી.બી.એસ. તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, ડિપ્લોમા અને ડીગ્રીએન્જિનીયરિંગ કક્ષાના અભ્યાસક્રમો તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, આયુષ (બી.એચ.એમ.એસ., બી.એ.એમ.એસ., બી.એન.વાય,એસ., બી.એસ.એમ.એસ., બી.યુ.એમ.એસ.), ડેન્ટલ, ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ડિપ્લોમાં/ડીગ્રી ફાર્મસી તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી.જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૨૦% |
| બી | અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉપરના અભ્યાસક્રમો<br>એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી, બી.એડ, એમ.એડ , બી.પી.એડ, એમ.પી.એડ, બી.લીબ ,એમ.લીબ, એમ.એસ.ડબલ્યુ, એમ.ફીલ, એલ.એલ.બી, એલ.એલ.એમ, જર્નાલિઝમ(માસ્ટર), એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ., પી.જી.ડી.સી.એમ., પી.એચ.ડી., એમ.એલ.ડબલ્યુ., એમ.આર.એસ., સી.એસ., સી.એ., એમ.એલ.ટી., | ૧૫% |

| | | |
|---|---|---|
| | જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | |
| સી | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ<br>બી.એ, બી.કોમ, બી.એસ.સી, બી.બી.એ, બી.સી.એ, બી.આર.એસ., બી.એસ.ડબ્લ્યુ., બી.જે.એમ.સી., બી.એસ.સી.(નર્સિંગ), બી.એલ.ટી., જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૩૫% |
| ડી | ડિપ્લોમા કક્ષાના અન્ય અભ્યાસક્રમો,<br>એસ.આઈ., આઈ.ટી.આઈ., એ.ટી.ડી, પી.ટી.સી, સી.પી.એડ, એ.એન.એમ., જી.એન.એમ., ફાઈનઆર્ટ્સ, ડિપ્લોમા ઇન એલીમેંટરી એજ્યુકેશન જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૧૦% |
| ઈ | ધો-૧૧,૧૨ આર્ટ્સ, સાયન્સ, કોમર્સ. | ૨૦% |

કોષ્ટક મુજબ દર્શાવેલ અભ્યાસક્રમોમાં ગૃપ મુજબ મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે જ્યાં જે અભ્યાસક્રમોની કેટેગરીમાં છાત્રો ઉપલબ્ધ ન થાય ત્યાં બીજા અભ્યાસક્રમની કેટેગરીમાંથી નીચે મુજબ પ્રવેશ આપવાનો રહેશે. ગૃપ (એ) થી (ઈ) ના ઉતરતા ક્રમ પ્રમાણે જેમ કે (એ) ગૃપના છાત્રો ન મળે તો (બી) ત્યાર બાદ (સી), (ડી), અને (ઈ) ગૃપના છાત્રોને ટકાવારીના આધારે પ્રવેશ આપવાનો રહેશે. આમ (એ) થી (ઈ) પૈકીના કોઈ ગૃપમાં છાત્રો ન મળે તો ક્રમશ: ઉતરતા ક્રમમાંથી પ્રવેશ આપવાનો રહેશે. અન્ય ગૃપમાં મેળવેલ પ્રવેશ એક વર્ષ પુરતો માન્ય ગણાશે. તેઓ રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે ગણાશે નહીં તથા આગામી વર્ષથી નવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવાનો રહેશે.

૨. ઉક્ત તમામ ગૃપમાં અનુસૂચિત જાતિ પૈકીની અતિ પછાત જાતિઓને ૧૫% પેટા અનામત આપવાની રહેશે. જો આ જગ્યાઓ ખાલી રહે તો અન્ય અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મેરીટના આધારે એક વર્ષ પુરતો શરતી પ્રવેશ આપવાનો રહેશે. તેઓ રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે ગણાશે નહીં તથા અગામી વર્ષથી નવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવાનો રહેશે.

૩. કુમાર છાત્રો માટે આવક મર્યાદા વાર્ષિક રૂ. ૨.૫ લાખ રહેશે.

૪. કન્યા છાત્રાઓ માટે આવકમર્યાદા લાગુ પડશે નહીં.

૫. છાત્રાલયમાં ધોરણ ૧૦ પાસ (ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ/ સી.બી.એસ.ઈ.) અથવા તે પછીનુ ઉચ્ચ શિક્ષણ લેતાં છાત્રો પ્રવેશ માટે લાયક ગણાશે.

૬. મુળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓને લાભ મળવા પાત્ર થશે.

૭.	ઉક્ત તમામ અભ્યાસક્રમોમાં છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ (કુલ ગુણ માંથી મેળવેલ ગુણ) મેળવેલા હોવા જોઇએ અને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. રીન્યુઅલ વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછા ૫૦ ટકા કે તેથી વધુ ગુણ (કુલ ગુણ માંથી મેળવેલ ગુણ) હોવા જોઈએ. ગૃપ(એ)ના ફક્ત આયુષ, તબીબી, કે ઈજનેરી અભ્યાસક્રમોમાં ભણતા વિદ્યાર્થીઓને જ યુનિવર્સિટીની પરીક્ષામાં આખા કોર્ષ દરમ્યાન જો ત્રણ વખત નાપાસ થયેલ હશે તો તેઓને ખાસ કેસ તરીકે પ્રવેશ આપી શકાશે.(યુનિવર્સિટીના નિયમો પ્રમાણે)

૮.	નાપાસ થનાર, અધુરો અભ્યાસ મુકનાર, એ.ટી.કે.ટી.વાળા, મુખ્ય વિષયમાં ડ્રોપ લેનાર તેમજ જાતિ/ગૃપ/અભ્યાસ/ટકાવારી ખોટી દર્શાવનાર વિદ્યાર્થીઓને તથા ઉપર જણાવ્યા પ્રમાણેના ગુણોથી ઓછા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૯.	છાત્રાલયમાં આપવામાં આવતો પ્રવેશ છાત્રોના ગત વર્ષના વર્તન, અભ્યાસ, રહેણીકરણી, શિસ્ત, ચારિત્ર્ય વગેરે ધ્યાને લઈ એક શૈક્ષણિક વર્ષ પુરતો રહેશે.

૧૦.	છાત્રાલયના જુંના વિદ્યાર્થીઓએ પ્રવેશ ચાલુ રાખવા નવેસરથી ઑનલાઈન અરજી કરવાની રહેશે.

૧૧.	છાત્રાલયમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને પ્રમાણપત્રોની ચકાસણી કરી પ્રવેશ આપવાની, છાત્રાલય ફેરફાર કરવાની તથા ગત વર્ષના ચારિત્ર્ય અને વર્તણૂકને આધારે પ્રવેશ રદ કરવાની એમ પ્રવેશ સબંધિત તમામ સત્તાઓ જિલ્લા કક્ષાની છાત્રાલય પ્રવેશ સમિતિની રહેશે.

૧૨.	ગૃપ વાર નક્કી થયેલ અનામત જગ્યાઓ પૈકી ૫% વિકલાંગ વિદ્યાર્થીઓ (૪૦% કે તેથી વધુ વિકલાંગતા), ૨% વિધવાના સંતાનો અને ૧% અનાથ વિદ્યાર્થીઓ માટે જગ્યાઓ પેટા અનામત રાખવામાં આવશે. જો આ જગ્યાઓ ખાલી રહે તો અન્ય અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મેરીટના આધારે એક વર્ષ પુરતો શરતી પ્રવેશ આપવાનો રહેશે. તેઓ રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે ગણાશે નહીં તથા આગામી વર્ષથી નવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવાનો રહેશે.

૧૩.	છાત્રાલયમાં નવા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને ગૃપ(ઈ)માં પ્રવેશ મેળવવા માટે ધોરણ ૧૦ની ટકાવારી (કુલ ગુણમાંથી મેળવેલ ગુણ) ધ્યાને લેવાની રહેશે. ગૃપ (એ) અને ગૃપ (સી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં કોઈ પણ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને ધોરણ – ૧૨માં મેળવેલ ટકાવારી (કુલ ગુણમાંથી મેળવેલ ગુણ)ને ધ્યાને લઈને મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. (નોંધ: અભ્યાસક્રમના આગળના વર્ષમાં કુલ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ૫૦% કે તેથી વધુ

ગુણ સાથે પાસ થયેલ વિદ્યાર્થી/વિદ્યાર્થિની પ્રવેશ માટે પાત્ર ગણાશે.) ગ્રૃપ (એ) તથા (બી) અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર છાત્રોએ સંલગ્ન સ્નાતક અભ્યાસક્રમની જે ટકાવારીના આધારે યુનિવર્સિટિમાં પ્રવેશ મેળવેલ હોય અથવા મેળવવાનો હોય તે ટકાવારી દર્શાવવાની રહેશે. જે અભ્યાસક્રમમાં ગ્રેડેશન પદ્ધતિ અમલમાં હોય તે વિદ્યાર્થિઓને CGPA (Cumulative Grade Point Average)ને યુનિવર્સિટી માન્ય પદ્ધતિ પ્રમાણે ટકાવારીની ગણતરી કરવાની રહેશે. ડિપ્લોમા બાદ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ એ યુનિવર્સિટીમાં જે ટકાવારીના આધારે પ્રવેશ મેળવેલ હોય તે જ ટકાવારીના આધારે છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે. જુના (રિન્યુલ) વિદ્યાર્થીઓને છેલ્લા વર્ષની ટકાવારીને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. જે યુનિવર્સિટી કે અભ્યાસક્રમમાં ટકાવારીના સ્થાને ગ્રેડેશન પદ્ધતિ અમલમાં હોય તેમના છેલ્લા બે સેમેસ્ટરના સરેરાશ SPI (Semester Performance Index)ને આધારે પ્રવેશ આપવામાં આવશે. જો વિદ્યાર્થીઓનું નવુ સત્ર શરૂ થયેલ હોય તથા ગત વર્ષ/સેમેસ્ટરનું પરિણામ આવેલ ન હોય તો તેની આગળના વર્ષ/બે સેમેસ્ટરની સરેરાશ ટકાવારીને આધારે પ્રવેશ આપવામાં આવશે.

૧૪. છાત્રાલયમાં બે વર્ષથી વધુની અભ્યાસની ગેપ ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ ને પ્રવેશ આપવામાં આવશે નહીં. બે વર્ષ સુધીની ગેપ ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓની અંતિમ મેરીટ ટકાવારીમાંથી યુનિવર્સિટીના નિયમો મુજબ જે ટકાવારીની કપાત કરવામાં આવતી હોય તે પ્રમાણે ગણતરી કર્યા બાદના મેરીટને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. (વિદ્યાર્થી/વિદ્યાર્થિનીએ જે શૈક્ષણિક વર્ષ દરમિયાન યુનિવર્સિટી માન્ય અભ્યાસમાંથી કોઈ પણ પ્રકારનો અભ્યાસ ન કરેલ હોય તે વર્ષ ગેપ તરીકે ગણવાની રહેશે.)

૧૫. દરેક વિદ્યાર્થીઓએ અને વાલીએ પ્રવેશ મેળવતી વખતે નિયત નમુનામાં બાહેધરી પત્રક આપવાનું રહેશે અને તે બાહેધરીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. કોઈ પણ વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનો ચેપી રોગ હોય, કોઈ ગુપ્ત રોગ હોય તેવાઓએ તેની જાણ છાત્રાલયના સબંધિત અધિકારીને તુરત જ કરવાની રહેશે અને જાણ નહીં કરનાર અંગે પાછળથી માહિતી મળશે અને તે સાબિત થશે તો કાર્યવાહી કરી વિદ્યાર્થીને તાત્કાલિક છાત્રાલયમાંથી છુટા કરવામાં આવશે.

૧૭. જે તાલુકામાં જે જાતિનું સરકારી છાત્રાલય ન હોય તે વિસ્તારમાં અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં ૨૦ ટકા વિકસતિ જાતિના, તથા ૧૦ ટકા અનુસૂચિત જન જાતિના, અને ૧૦

R

ટકા આર્થિક રીતે પછાત વર્ગના છાત્રોને પ્રવેશ આપવો , વિકસતી જાતિમા વિચરતી વિમુકત જાતિ અને આદિમ જૂથોને પ્રાધ્યાન્ય આપવાનુ રહેશે. જો ઉક્ત ત્રણેય કેટેગરીમાં છાત્રો ઉપલબ્ધ ન થાય તો અનુસૂચિત જાતિના છાત્રોને પ્રવેશ આપી શકાશે.

૧૮. અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોમાં અનુસૂચિત જાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો ઉપલબ્ધ ન થાય તો જાહેરાત આપી અને મેરિટના આધારે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે અને આ બાબતની જાણ નિયામકશ્રી (અ.જા.ક) એ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસને કરવાની રહેશે.

૧૯. છાત્રાલય જે સ્થળે આવેલ હોય તે શહેરના સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે નહીં.

૨૦. છાત્રાલય જે જિલ્લામાં આવેલ હોય તે જિલ્લાની કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે.

૨૧. અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયમાં નવો પ્રવેશ મેળવનાર કે રિન્યુલ છાત્રોની પ્રવેશ મેળવવાની મહત્તમ વય મર્યાદા ૨૫ વર્ષ રહેશે. કોઇ પણ સંજોગોમાં અનુ.જાતિના સરકારી છાત્રાલયોમાં એડમિશન/રીન્યુઅલ પ્રવેશ વખતે વિદ્યાર્થીની ઉંમર ૨૫ વર્ષથી વધુ ન હોઈ તે બાબત ખાસ ધ્યાને લેવાની રહેશે.

૨૨. ડિસ્ટન્સ લર્નિંગથી ચાલતા અભ્યાસક્રમોના આધારે છાત્રાલયમાં પ્રવેશ મેળવી શકાશે નહીં.

૨૩. અનુ.જાતિના સરકારી છાત્રાલયોમાં માન્ય સંખ્યા કરતા વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં, જે સુનિશ્ચિત કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ તથા સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રીની રહેશે.

૨૪. અનુ.જાતિના સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીને પ્રવેશ મળ્યા બાદ પ્રવેશના ઓર્ડરની નકલ સંબંધિત કોલેજને ઇ-મેલ દ્વારા મોકલી જાણ કરવાની રહેશે.

૨૫. શિક્ષણ વિભાગની સામાન્ય અને એડમીશનની SOP ને ધ્યાને લઇ પ્રવેશ આપવાની કામગીરી કરવાની રહેશે.

૨૬. છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ખાતા/સરકારશ્રીએ નક્કી કરેલ વખતોવખતના નીતિ નિયમોનું પુરેપુરી રીતે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત મદદનીશ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૬) સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.

(૭) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૯) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

(૧૧) સિલેકટ ફાઇલ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક :અજાક/૧૦૨૦૨૦/૧૫૨૧૮૧/ગ, અન્વયે સરકારી છાત્રાલયોમાં છાત્ર/છાત્રાઓએ પાળવાના નિયમો:-

| | |
|---|---|
| ૧ | છાત્રાલયો માટે જે દિનચર્યા નક્કી કરવામાં આવે તે પ્રમાણે વિધાર્થીઓ/વિધાર્થીનીઓ એ તેનુ પાલન કરવાનુ રહેશે. |
| ૨ | છાત્રાલયના સાધનો જેવા કે, ગરમ ધાબળા, સુતરાઉ ચોરસા, ચાદર, ગાદલું, તકીયા, શેતરંજી, ટેબલ ખુરશી, પલંગ, વગેરેને પુરતી કાળજીથી તેને કોઇ પણ જાતનું નુકશાન ન થાય તે રીતે વિધાર્થીઓ/ વિધાર્થીનીઓ તેને સાચવવાના રહેશે અને તેને કોઇ પણ નુકશાન થશે કે ગુમ થશે તો તેની જવાબદારી વિધાર્થીઓની પોતાની રહેશે. |
| 3 | છાત્રાલયમાં આવતા મેગેઝીન અને છાપાઓની જાળવણી સારી રીતે કરવાની રહેશે. |
| ૪ | ભોજનાલયમાં જમતી વખતે જમવાની આઇટમ પીરસવા માટે મોટેથી અવાજ કરવો નહીં અને કર્મચારીઓની સાથે સારો વર્તાવ કરવાનો રહેશે. |
| ૫ | ભોજન જે પીરસાય તેનો બગાડ કરવો નહીં તેમજ એંઠવાડ કરવો નહીં જો એંઠવાડ થાય તો તે નિયત કરેલ જગ્યાએ એંઠવાડ રાખવાનો ડબ્બો કે સાધન રાખેલ હોઇ તે જગ્યાએ જ એંઠવાડ નાંખવાનો રહેશે. |
| ૬ | છાત્રાલયના રસોડે સમયસર અને તે અંગે નક્કી કરવામાં આવેલ સમયે જ ભોજન લેવા ભોજનાલયમાં જવાનું રહેશે. |
| ૭ | ભોજન અંગે જો કોઇ પણ ફરિયાદ હોય તો તે વિવેકપુર્વક રીતે કાર્યાલયમાં જઇ રજુઆત કરવી તે અંગે હોહા કે વાદવિવાદનુ સ્વરૂપ આપવુ નહીં. |
| ૮ | છાત્રાલયમાં વિધાર્થી/વિધાર્થીનીએ નિયમિત અભ્યાસ કરવાનો રહેશે અને બીજા વિધાર્થીઓ/વિધાર્થીઓને મુશ્કેલી ઉભી થાય તેવુ વર્તન કરવુ નહીં. |
| ૯ | છાત્રાલયમાં વિદ્યાર્થીઓને/વિદ્યાર્થીનીઓ એ.સી/કુલર, ઈસ્ત્રી, ગિઝર, ઈલેક્ટ્રીક હીટર જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો રાખી કે વાપરી શકશે નહી. |
| ૧૦ | રાત્રિના સમયે કોઇપણ સગા વહલાને કે મિત્રો કે અન્ય વ્યકિતઓને છાત્રાલયમાં રાખી શકાશે નહીં જો રાખશે તો ખુલાસાની તક આપી શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૧ | વિધાર્થી/વિધાર્થીનીઓએ હોસ્ટેલના બીજા વિધાર્થી સાથે પ્રેમભાવથી અને સંપથી રહેવાનુ રહેશે તેમજ ઓફિસના તથા રસોડોના દરેક કર્મચારી સાથે વિવકપુર્ણ વર્તન કરવાનુ રહેશે. |
| ૧૨ | વિધાર્થી/વિધાર્થીની કોઇ પણ જાતનું વ્યસન રાખી શકશે નહીં તેમજ પાન મસાલા ખાઇને થુંકી શકશે નહીં. |
| ૧૩ | દાકતરી અભિપ્રાય તથા એન.સી.સી.ના નિયમ મુજબ પાત્ર ઠરતા દરેક વિધાર્થી/વિધાર્થીનીઓએ એન.સી.સી.માં દાખલ થવુ પડશે. |
| ૧૪ | દરેક વિધાર્થી/વિધાર્થીનીઓએ પોતાની કોલેજમાં નિયમિત જવુ પડશે તેમજ વગર રજાએ કોલેજ કે છાત્રાલયમાંથી ગેરહાજર રહી શકાશે નહીં. ગેરહાજર રહેશે તો તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૫ | વિધાર્થી/વિધાર્થીની કોઇ વ્યાજબી કારણો સિવાય વારંવાર ગેરહાજર રહે અથવા એક માસથી વધુ સમય સતત ગેરહાજર રહે તેવા વિધાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવશે. |
| ૧૬ | ભ્રષ્ટ ચારિત્ર કે ગુનાહિત રેકર્ડ ધરાવતા તેમજ વ્યસની કે બીજી કોઇ ખામીવાળા વિધાર્થી/વિધાર્થીની તેમજ ચેપી રોગવાળા વિધાર્થીઓ ધ્યાનમાં આવશે તો તપાસ કરી કાર્યવાહી કરી જરૂર પડયે છુટા કરવામાં આવશે. |
| ૧૭ | કોઇ પણ વિધાર્થી/વિધાર્થીની ને મળવા આવતા સગા વહાલાઓએ પ્રથમ છાત્રાલયની ઓફિસમાં આવીને કોને મળવાનુ છે તેની જાણ કરવાની રહેશે અને તે પછી ઓફિસમાં રાખવામાં આવેલ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે અને તે પછી વિધાર્થીને મળવાની પરવાનગી મળ્યા બાદ વીઝીટીંગ રૂમમાં મળવા જવુ કોઇ પણ સગાસબંધી કે વિધાર્થી બારોબાર પોતાની રૂમ પર લઇ જઇ શકેશે નહીં. |
| ૧૮ | મુલાકાતીઓએ જે વિધાર્થી/વિધાર્થીનીને મળવાનુ હશે તેમને કોમન રૂમમાં જયા મળવાની વ્યવસ્થા રાખવામાં આવેલ હશે ત્યાં મળવાનુ રહેશે. |
| ૧૯ | મુલાકાતીઓએ વિધાર્થી/વિધાર્થીનીઓને રવિવાર સંસ્થાના સંબધિત અધિકારી/કર્મચારીની મંજૂરીથી મળી શકશે. |
| ૨૦ | વિધાર્થી/વિધાર્થીની ના માતા/પિતા /વાલી વધુમાં વધુ બે નામ રજીસ્ટર્ડ કરાવવાના રહેશે અને બન્ને વાલીઓના ઓળખકાર્ડ આપવામાં આવશે તે ઓળખકાર્ડ લઇને નકકી કરેલ સમયે પ્રવશે આપવામાં આવશે અને તેની અવરજવર રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. |
| ૨૧ | કન્યા છાત્રાલયના રૂમમાં પુરૂષ સદસ્ય તથા કુમાર છાત્રાલયના રૂમમાં મહિલા સદસ્યનો પ્રવેશ પ્રતિબંધિત રહેશે તેમજ વાલી સિવાય અન્ય કોઇપણ વ્યક્તિને છાત્રાલયના રૂમમાં પ્રવેશ આપી શકાશે નહિ.તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે અને જરુર પડે પ્રવેશ રદ્દ કરવામાં આવશે. |
| ૨૨ | વિધાર્થી/વિધાર્થીનીએ પોતાના રૂમનો કચરો ડસ્ટબીનમાં નાખવાનો રહેશે. |
| ૨૩ | વિધાર્થી/વિધાર્થીનીએ આપેલ ટેબલ,કોટ ખુરશી વગેરે ઉપર ધુળ રહે નહીં તે રીતે દરરોજ સાફ સફાઇ કરવાની રહેશે. |
| ૨૪ | રૂમોમાં કપડા, ચંપલ કે બુટ વગેરે વ્યવસ્થિત રીતે ગોઠવવા અને જેમ તેમ રાખવા નહીં તેમજ ગમે ત્યા થુકવુ નહીં પોતાનો સામાન વ્યવસ્થિત રીતે ગોઠવવાનો રહેશે. |
| ૨૫ | છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ વિધાર્થી/વિધાર્થીનીઓને છાત્રાલયના જે રૂમમાં રહેવાનુ નકકી કરવામાં આવે તે રૂમમાં જ વિધાર્થીએ રહેવાનુ રહેશે. |
| ૨૬ | છાત્રાલયમાં છાત્રાલયના સંચાલન વિરૂધ્ધ વ્યકિતગત રીતે કે સમુહમાં સત્રોચ્ચાર કરવા /કરાવવા નહીં અથવા તેવી કોઇ પણ પ્રવૃત્તિમાં ભાગ લઇ શકાશે નહીં તેમજ કોઇપણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકાશે નહીં |
| ૨૭ | છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર વિધાર્થી પોતાની પાસે કોઇ પણ જાતના ઘાતક શસ્ત્રો રાખી શકશે નહીં. |
| ૨૮ | છાત્રાલયમાં રૂમની દિવાલો, બારીબારણા,સીડીમાં કોઇ પણ પ્રકારના નામ પોષ્ટરો, ચિત્રો દોરી શકાશે નહીં કે સુત્રો લખી શકાશે નહીં. |

| | |
|---|---|
| ૨૯ | છાત્રાલય નિવાસ દરમ્યાન કોઇપણ નિયમનો ભંગ અથવા ગેરશિસ્ત માટે અધિકારીશ્રીના પ્રાથમિક સુચના પછી પણ સુધારો નહીં જણાંય તો છાત્રાલયના વડા ત્વરીત પગલા લઇ શકશે અને કરેલ કાર્યવાહીની જાણ સંબધિત સમિતિમાં રજુ કરવાની રહેશે. અંતિમ નિર્ણય સંબધિત કમીટી લેશે. |
| ૩૦ | આ ઉપરાંત હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડન્ટ તથા સરકાર તરફથી જે નીતિ નિયમો ઘડવામાં આવશે તેનુ પાલન કરવાનુ રહેશે. |
| ૩૧ | છાત્ર/છાત્રાલયમાં પ્રવેશ માટે રજુ કરેલ પુરાવાઓ ભવિષ્યમાં ખોટા માલુમ પડશે તો અધિકારીશ્રી ધ્વારા જે કોઇ કાર્યવાહી કરવામાં આવે તે વિધાર્થી/વિધાર્થીનીઓને બંધનકર્તા રહેશે અને ખોટી માહિતી આપી પ્રવેશ મેળવેલ હશે તો પ્રવેશ રદ કરવામાં આવશે તે અંગે કોઇ વાંધો ગ્રાહ્ય રખાશે નહીં. |
| ૩૨ | છાત્રાલયમાં પ્રવેશ મેળવ્યા બાદ હાજર થયે તુર્તજ અન્ય સરકારી છાત્રાલયમાં પ્રવેશ માટે અરજી કરેલ હોય તો તેની જાણ કરવાની રહેશે. |
| ૩૩ | છાત્ર /છાત્રાએ પ્રવેશ મેળવ્યા બાદ કોલેજ/સંસ્થા ધ્વારા લેવામાં આવતી તમામ પરીણામ ઓના આપવાના રહેશે તેના પરિણામની તુર્તજ જાણ કરવાની રહેશે જો ખોટી માહિતી આપાવામાં આવશે તો પ્રવેશ આપોઆપ રદ ગણાશે. |
| ૩૪ | દરેક વિધાર્થી /વિધાર્થીનીઓએ છાત્રાલયનુ ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે. |
| ૩૫ | છાત્રાલયમાં તમામ વિધાર્થી વચ્ચે પરિચય કેળવાય તથા ભાઇચારો કેળવાય તે માટે સંતો / મહાનુભાવો ધ્વારા વખતોવખત કાર્યક્રમ સરકારશ્રી દ્વારા ગોઠવામાં આવે તેમાં તેમજ અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવાનો રહેશે અને સમરસતાનુ વાતાવરણ ઉભુ કરવાનુ રહેશે. |
| ૩૬ | વિધાર્થી/વિધાર્થીનીઓએ રાષ્ટ્રીય પર્વ ઉજવણીમાં અને અન્ય સરકારશ્રી ધ્વારા અપતા કાર્યક્રમોમાં ફરજીયાત હાજરી આપવાની રહેશે. |
| ૩૭ | છાત્રાલયમાં છાત્ર/છાત્રાઓની સલામતી માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવશે તેમ છતા કોઇપણ અઘટીત ઘટના કે અકસ્માત અંગે સરકારશ્રીને કે અધિકારીને જવાબદાર ઠેરવી શકશે નહિ. |
| ૩૮ | છાત્રાલયોમાં મહિલા સુરક્ષા અને સલામતી અંગે વિશેષ કાળજી રાખવામાં આવશે અને તે માટેના નિયત નીતી નિયમોનુ ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે. |
| ૩૯ | છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી/વિધાર્થીનીઓએ છાત્રાલયના તમામ નિયમો/શિસ્તનુ પાલન કરવાનુ રહેશે. જો કોઇ વિદ્યાર્થી/ દ્વારા નિયમો ભંગ કરવામાં આવશે તો નિયમોનુસાર કાર્યવાહી કરી છુટા કરવામાં આવશે. |
| ૪૦ | છાત્રાલયમાં કોઈ પણ સંજૂગોમાં સવારે ૬-૦૦ વાગે ઉઠી જવાનુ રહેશે. અને સાંજે ૧૦.૦૦ વાગ્યા પછી છાત્રાલય છોડી બહાર જવુ નહી અને ખાસ સંજોગોમાં જવુ પડે તો હાઉસ માસ્ટર/લેડી સુપ્રિન્ટેન્ડટશ્રીની મંજૂરી લઈને જવુ |
| ૪૧ | છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી અન્ય જગ્યાએ નોકરી કે વ્યવસાય કરી શકશે નહી. |
| ૪૨ | સમયાંતરે રાજ્ય સરકાર, હોસ્ટેલના વડા દ્વારા જે નિતી નિયમો ઘડવામાં આવે તેનુ પાલન વિદ્યાર્થી/વિધાર્થીઓએ કરવાનું રહેશે. |